### ૧૦૦થી વધુ પરિવારજનો પાણીની તંગી વેઠશે તેવી ભીતિ

# નિઝામપુરાના ભવાનીપુરામાં પાણીના ધાંધિયા વધવાની શક્યતાથી સ્થાનિકો રસ્તા પર ઉતર્યા

**અગાઉથી** ઓછું પ્રેશર હોવા છતાં નવું કનેક્શન અપાતા વિરોધ



(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં આવેલ ભવાનીપુરા ખાતે સ્થાનિક રહીશો દ્વારા પીવાના પાણીની લાઈનમાં નવું કનેક્શન જોડવા સામે તીવ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે વિસ્તારમાં પહેલેથી જ પાણીનું પ્રેશર ઓછું આવી રહ્યું છે, ત્યારે જૂની પાઈપલાઈનમાંથી અનધિકૃત અથવા અયોગ્ય રીતે કનેક્શન કાપવામાં આવશે તો અંદાજે ૧૦૦થી વધુ મકાનોને પીવાનું પાણી મેળવવામાં ભારે હાલાકી ભોગવવી પડશે.

સમાચાર અહેવાલ મુજબ, ભવાનીપુરા વિસ્તારમાં વર્ષ ૧૯૮૦થી એટલે કે દાયકાઓ જૂની ૬ ઈંચની પીવાના પાણીની મુખ્ય લાઈન આવેલી છે. આ લાઈન દ્વારા વિસ્તારના આશરે ૧૦૦ મકાનોને પાણી પૂરું પાડવામાં આવે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, હાલમાં પણ આ લાઈન પર પાણીનું પ્રેશર પૂરતું મળતું નથી અને છેવાડાના ઘરો સુધી યોગ્ય રીતે પાણી પહોંચી શકતું નથી. તેવામાં પાલિકા તંત્ર કે સંબંધિત કર્મચારીઓ દ્વારા સ્થાનિકોને જાણ કર્યા વિના જ રસ્તા પર ખોદકામ કરી ૬ ઈંચની લાઈનમાંથી ૪ ઈંચનું નવું કનેક્શન જોડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

રહેવાસીઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે જો ૬ ઈંચની મુખ્ય લાઈનમાંથી ૪ ઈંચનું બીજું કનેક્શન આપી દેવામાં આવશે, તો જૂની સોસાયટીના રહીશો માટે માત્ર ૨ ઈંચ જેટલું જ પાણી બચશે. આના કારણે ભવાનીપુરાના રહીશોને પાણીનું પ્રેશર સાવ નહિવત મળશે અથવા તો પાણી પહોંચશે જ નહીં. સ્થાનિકોએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે ખોદકામ અને કનેક્શનની આ કામગીરી અંગે સોસાયટીના લોકોને કોઈ પૂર્વ સૂચના આપવામાં આવી નહોતી.

જ્યારે સ્થાનિકોએ આ અંગે રજૂઆત કરી ત્યારે અધિકારીઓ દ્વારા એવું બહાનું બતાવવામાં આવ્યું હતું કે સામા કાંઠેથી કનેક્શન લાવવા માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા રોડ કટિંગની પરમિશન મળતી નથી. તેના જવાબમાં સ્થાનિકોએ માંગ કરી છે કે આજના આધુનિક સમયમાં રોડ કટિંગ કર્યા વગર ડ્રિલિંગ મશીન ટેકનોલોજીથી રસ્તાની બીજી તરફથી લાઈન લાવી શકાય તેમ છે. તેથી તેમની હયાત ૬ ઈંચની લાઈન સાથે કોઈપણ પ્રકારનું છેડછાડ કે નવું કનેક્શન જોડવામાં ન આવે. સ્થાનિક રહીશોએ એકઠા થઈને તંત્ર સામે સ્પષ્ટ માગણી મૂકી છે કે તેમની જૂની પાઈપલાઈન પર વધુ બોજ નાખવાને બદલે અન્ય વૈકલ્પિક માર્ગેથી અથવા અંડરગ્રાઉન્ડ ડ્રિલિંગ કરીને નવી લાઈનનું જોડાણ કરવામાં આવે, જેથી ભવાનીપુરાના સોથી વધુ પરીવારજનોને પાણીની તંગીનો સામનો ન કરવો પડે.

# બરોડા ડેરીની સાધારણ સભા યોજાઈ પશુપાલકો માટે ૯૦ કરોડના ભાવફેરની જાહેરાત

**રૂ. ૧૫૭૨** કરોડનું બજેટ રજૂ કરાયું; ગત વર્ષની સરખામણીએ દૂધની આવકમાં ૭૫ લાખ લીટરનો ઘટાડો થતાં મિશ્ર પ્રતિક્રિયા




(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ બરોડા ડેરીની ૬૯મી વાર્ષિક સાધારણ સભા કેલનપુર સ્થિત દાદા ભગવાન મંદિર ખાતે યોજાઈ હતી. આ વાર્ષિક સામાન્ય સભામાં વડોદરા, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લાની દૂધ મંડળીઓના મોટી સંખ્યામાં પ્રતિનિધિઓ તેમજ પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં ડેરીના હોદ્દેદારો દ્વારા પશુપાલકો માટે રૂ. ૯૦ કરોડથી વધુ રકમના ભાવફેરની જાહેરાત કરવામાં આવી હતી.

ડેરીના પ્રમુખ દ્વારા રજૂ કરાયેલા તમામ ૧૧ એજન્ડાને સભાસદોએ મંજૂરી આપી હતી. ચાલુ વર્ષ માટે ડેરીનું અંદાજિત રૂ. ૧,૫૭૨ કરોડનું બજેટ રજૂ કરાયું હતું. આ ઉપરાંત, વિવિધ દૂધ મંડળીઓના ૩૪ મૃતક સભાસદોના પરિવારજનોને રૂ. ૨-૨ લાખની દિવંગત સહાયના ચેક એનાયત કરવામાં આવ્યા હતા અને ઉત્કૃષ્ટ કામગીરી કરનાર પશુપાલકોનું સન્માન કરાયું હતું.

એજન્ડા મંજૂર થવા છતાં સભામાં દૂધના પુરવઠામાં થયેલા ઘટાડા અને ભાવ અંગે તીવ્ર ચર્ચા જોવા મળી હતી. સંચાલકોએ સ્વીકાર્યું હતું કે ગત વર્ષની તુલનાએ આ વર્ષે દૂધની આવકમાં અંદાજે ૭૫ લાખ લીટરનો ઘટાડો નોંધાયો છે.

દરમિયાન, સભામાં પશુપાલકો અને મંડળી પ્રતિનિધિઓ તરફથી મિશ્ર પ્રતિક્રિયા સાંપડી હતી. કેટલાક પ્રતિનિધિઓએ આક્ષેપ કર્યો હતો કે હાલની મોંઘવારીમાં મળતો ભાવ પશુપાલકોને પોષાય તેમ નથી અને ભાવફેરની જાહેરાત માત્ર આંકડાકીય માયાજાળ સમાન છે. દૂધનું ઉત્પાદન વધારવા માટે પશુપાલકોને યોગ્ય ભાવ આપવો જરૂરી હોવાનું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. બીજી તરફ, બંધ પડેલી દૂધ મંડળીઓ પુનઃ શરૂ કરવા રજૂઆતો કરાઈ હતી, જે અંગે તંત્ર દ્વારા વહેલી તકે યોગ્ય નિર્ણય લેવાની બાહેધરી આપવામાં આવી હતી.

# MSUમાં ABVPની કાર-બાઈક રેલીમાં ટ્રાફિક નિયમોના ધજાગરા

**રેલી** દરમિયાન હેલ્મેટ વગર,કારની વિન્ડોમાંથી બહાર અને બાઈક પર ઉભા રહી જોખમી સ્ટંટ



(પ્રતિનિધિ) વડોદરા,તા.30

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી કેમ્પસમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા કાઢવામાં આવેલી કાર-બાઈક રેલી વિવાદમાં સપડાઈ છે. રેલી દરમિયાન ટ્રાફિક નિયમોના ખુલ્લેઆમ ઉલ્લંઘન સામે આવ્યા બાદ અનેક સવાલો ઉઠી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ એમએસયુ કેમ્પસમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા શક્તિ પ્રદર્શન માટે કાર-બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જેમાં અનેક વિદ્યાર્થીઓ વગર હેલ્મેટે, ત્રિપલ સવારી સાથે અને પૂરપાટ ઝડપે બાઈક ચલાવતા નજરે પડી રહ્યા છે. કેટલાક વીડિયોમાં કારની બારીમાંથી બહાર નીકળીને સૂત્રોચ્ચાર કરતા દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. કેમ્પસમાં આ રીતે ટ્રાફિક નિયમોના ધજાગરા ઉડ્યા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. સામાન્ય વિદ્યાર્થી જો વગર હેલ્મેટે કેમ્પસમાં પ્રવેશે તો તેને રોકવામાં આવે છે, ત્યારે એબીવીપીની રેલી દરમિયાન નિયમોનું પાલન કેમ ન કરાવાયું તે અંગે વિદ્યાર્થીઓમાં જ ચર્ચા ચાલી રહી છે. વિદ્યાર્થી વર્તુળોમાં સવાલ ઉઠી રહ્યો છે કે શું ટ્રાફિક નિયમો માત્ર સામાન્ય લોકો અને સામાન્ય વિદ્યાર્થીઓ માટે જ છે? વાયરલ વીડિયો બાદ હવે યુનિવર્સિટી પ્રશાસન અને ટ્રાફિક પોલીસ શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર છે.

## ૧ અને ૩ ઓક્ટોબરે કોર્ટ કાર્યવાહીથી અળગા રહેશે વકીલો

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

ગુજરાતના નવા ભાડા કાયદાના વિરોધમાં વડોદરા વકીલ મંડળે તા.1 અને 3 ઓક્ટોબરે તમામ કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો નિર્ણય કર્યો છે. પ્રમુખ હસમુખ કે. ભટ્ટના અધ્યક્ષસ્થાને મળેલી તાકીદની બેઠકમાં કાયદાના વિરોધમાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

વકીલ મંડળના જણાવ્યા મુજબ, ભાડાની મિલકતોના વિવાદમાં અગાઉ સ્મોલ કોઝ કોર્ટને મળતી સત્તા હવે શહેર વિસ્તારમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર અને કલેક્ટરને આપવાનો નિર્ણય કરાયો છે. આ વ્યવસ્થાથી નાગરિકોના હક્કો અને હિતોને અસર થવાની તથા ભાડૂતો-મકાનમાલિકોને ન્યાય મેળવવામાં મુશ્કેલી ઊભી થવાની શક્યતા હોવાનું મંડળે જણાવ્યું છે. કાયદો પરત ખેંચવા અથવા જરૂરી સુધારા કરવા મુખ્યમંત્રી, કાયદામંત્રી અને રાજ્યપાલને ઠરાવની નકલ મોકલી રજૂઆત કરવામાં આવશે. અન્ય વકીલ મંડળોને પણ વિરોધમાં જોડાવા અપીલ કરાઈ છે.

### રાવપુરામાં વરસાદી ગટરમાં ડ્રેનેજનું પાણી ઠાલવવામાં આવતું હતું

# ઈજારેદાર/કોન્ટ્રાક્ટર હિતેશ એસોસિયેટને રૂ.૨૫,૦૦૦નો દંડ વસૂલવાનો આદેશ

**વોર્ડ નં. ૭માં** સુપર સકર મશીન દ્વારા કરાતી સફાઈમાં ગંભીર બેદરકારી સામે આવી હતી



(પ્રતિનિધિ) વડોદરા. તા.૩૦

શહેરમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થામાં બેદરકારી સામે આવી રહી છે ત્યારે વોર્ડ નં. ૭ વિસ્તારમાં સુપર સકર મશીન દ્વારા કરવામાં આવતી કામગીરી દરમિયાન ગંદુ પાણી વરસાદી ગટરમાં ઠાલવવામાં આવ્યાની ગંભીર ઘટના સામે આવી છે. રાવપુરા પોલીસ સ્ટેશનની સામે સુપર સકર મશીન મારફતે કામગીરી ચાલી રહી હતી ત્યારે મશીનમાંથી નીકળતું પાણી વરસાદી ગટરમાં ખાલી કરવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે સમગ્ર મામલે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

તા. ૨૬-૦૮-૨૦૨૬ ને શનિવારના રોજ વોર્ડ નં.૭ માં રાવપુરા પોલીસ સ્ટેશનની સામે સુપર સકર મશીન મારફતે કામગીરી હાથ ધરવામાં આવી હતી. કામગીરી દરમિયાન સુપર સકર મશીનના માણસો દ્વારા ગંદુ પાણી વરસાદી ગટરમાં ખાલી કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. વરસાદી ગટરનો ઉપયોગ ચોમાસાના વરસાદી પાણીના નિકાલ માટે થતો હોય ત્યારે તેમાં ગંદુ પાણી છોડવામાં આવવાથી ગટર વ્યવસ્થાની સાથે જાહેર આરોગ્ય અને સ્વચ્છતાને લગતા પ્રશ્નો ઊભા થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી હતી.

આ સમગ્ર મામલે સામાજિક કાર્યકર કમલેશ પરમારે સતર્કતા દાખવીને સ્થળ પર ચાલી રહેલી કામગીરી અંગે વાંધો ઉઠાવ્યો હતો અને સંબંધિત તંત્રનું ધ્યાન દોર્યું હતું. જાહેર હિત સાથે જોડાયેલા આ મુદ્દાને લઈને તેમણે ફરિયાદ કરી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી. વોર્ડના નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા વિહીકલપુર મેનેજરને લખવામાં આવેલા પત્રમાં સમગ્ર ઘટનાનો ઉલ્લેખ કરી સુપર સકર મશીનની કામગીરી દરમિયાન થયેલી બેદરકારી અંગે કાર્યવાહી કરવા જણાવાયું છે. પત્રમાં સુપર સકર મશીનના ઈજારેદાર/કોન્ટ્રાક્ટર હિતેશ એસોસીએટ ને ૨૫,૦૦૦નો દંડ કરવાની કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી છે.

# ૧૭ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી યુવકે દુષ્કર્મ ગુજાર્યું

**કોલેજમાં** અભ્યાસ કરતો યુવક સગીરા સાથે એકાદ મહિનાથી સંપર્કમાં હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.30

શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા અને કોલેજમાં અભ્યાસ કરતા 18 વર્ષીય યુવકે 17 વર્ષની સગીરાને પ્રેમ જાળમાં ફસાવી હતી અને ત્યારબાદ પોતાના ઘરે લઈ જઈ દુષ્કર્મ આચર્યુ હતુ. ધોરણ-10માં અભ્યાસ કરતી સગીરા અને યુવક છેલ્લા એકાદ મહિનાથી સંપર્કમાં હતા. પરિવારજનોને ઘટનાની જાણ થતાં મામલો પોલીસ મથક પહોંચ્યો હતો પરિવારે ફરિયાદ નોંધાવતા પોલીસે જૈમીન માળીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા જૈમીન માળી ( ઉંમર વર્ષ 18) વિરુદ્ધ 17 વર્ષની સગીરાને પોતાની પ્રેમ જાળમાં ફસાવી હતી. દરમિયાન યુવકે સગીરાને મળવાના બહાને તેના ઘરે લઈ ગયો હતો અને ત્યાં તેણીની સાથે દુષ્કર્મ આચર્યું હતુ. સગીરાના પરિવારના સભ્યોને યુવક અને તેની દીકરીના સંબંધો બાબતે જાણ થઈ જતા તેઓએ પોક્સો સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે એક્શનમાં આવી સગીરા પર દુષ્કર્મ ગુજારનાર જૈમીનની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે 18 વર્ષથી વધુ ઉંમરનો હોવાનું અને કોલેજમાં અભ્યાસ કરતો હોવાનું સામે આવ્યું છે. જ્યારે સગીર યુવતી ધોરણ-10માં અભ્યાસ કરતી હતી. સગીરા અને જૈમીન માળી છેલ્લા એકાદ મહિનાથી એકબીજાના સંપર્કમાં હતા. દરમિયાન જૈમીન સગીરાને પોતાના ઘરે લઈ ગયો હતો અને દુષ્કૃત્ય આચાર્ય હતું. પોલીસે સગીરાની ફરિયાદના આધારે જૈમીન માળીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### વોટ્સએપ પર અમેરિકાના નંબર પરથી મેસેજ આવ્યો

# ટ્રાફિક ચલણની લિંક ખોલતાં ડભોઈના વેપારીના ૩ ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૧.૯૫ લાખ ઉપડી ગયા

**ટ્રાન્જેક્શન** ચેક કરતા તનિષ્ક ગોલ્ડ કોઈનના ચાર ગિફ્ટ કાર્ડ ખરીદાયાં હોવાનું માલુમ પડ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા-ડભોઈના વેપારીને કારના ટ્રાફિક ચલણના નામે આવેલા ફેક મેસેજની લિંક ખોલવી ભારે પડી હતી. વોટ્સએપ પર આવેલી લિંક પર બેંકની વિગતો આપી રૂ.1 ભરવાની પ્રક્રિયા કર્યા બાદ મોબાઈલ સ્લો થઈ ગયો હતો. ત્યારબાદ વેપારીની સાથે લિંક ત્રણ ક્રેડિટ કાર્ડમાંથી રૂ.1.95 લાખ ઉપડી ગયા હતા. સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા વેપારીએ 1930 હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી.

ડભોઈ ટાઉનમાં વિશ્રાંતીગ્રીન સોસાયટીમાં રહેતા તરુણકુમાર મોતીરામ માલી જય ઝુલેલાલ લાઈવ ઢોકળા નામની લારી ચલાવી ગુજરાન કરે છે. તા.21 સપ્ટેમ્બરે તેઓ તેમની વેન્યુ કાર લઈને દુકાનનો સામાન લેવા વડોદરા ગયા હતા. બપોરે પરત આવ્યા બાદ તેમના વોટ્સએપ પર અજાણ્યા નંબર પરથી તેમની કારનું રૂ.1,000નું ટ્રાફિક ચલણ થયું હોવાનો મેસેજ આવ્યો હતો. તેમાં રેફરન્સ નંબર સાથે m-parivaahan.orgની લિંક આપી ચલણ ભરવા જણાવાયું હતું.

બીજા દિવસે રાત્રે કાર લઈને વડોદરા ગયા હોવાથી ખરેખર ચલણ થયું હશે તેમ માની તરુણકુમારે લિંક ખોલી હતી. પેજ પર બેંકની વિગતો આપ્યા બાદ વેરિફિકેશન માટે રૂ.1 ભરવાની પ્રક્રિયા કરાવવામાં આવી હતી. જન્મતારીખ નાખ્યા બાદ રૂ.1 કપાયો હતો. ત્યારબાદ પેજ પર 30 મિનિટનો ટાઈમર દેખાયો અને મોબાઈલ સ્લો થઈ જતાં તેમણે પેજ બંધ કરી દીધું હતું.

રાત્રે આશરે બે વાગ્યે ઘરે પહોંચ્યા ત્યારે મોબાઈલમાં ક્રેડિટ કાર્ડના ટ્રાન્ઝેક્શનના મેસેજ જોઈ તેઓ ચોંકી ગયા હતા. તેમના Amazon Pay ICICI ક્રેડિટ કાર્ડમાંથી રૂ.49 હજાર અને બીજા Amazon Pay ICICI ક્રેડિટ કાર્ડમાંથી બે ટ્રાન્ઝેક્શનમાં રૂ.96 હજાર ઉપડી ગયા હતા. જ્યારે AU Small Finance Bankના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.49 હજાર ઉપડી ગયા હતા. આમ ત્રણ ક્રેડિટ કાર્ડમાંથી રૂ.1.95 લાખની રકમ ઉપાડી લેવાઈ હતી. આ ઉપરાંત અન્ય AU Small Finance Bankના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.49 હજારનું ટ્રાન્ઝેક્શન કરવાનો પ્રયાસ થયો હતો પરંતુ તે ડિક્લાઈન થયું હતું. બાદમાં એપ્લિકેશન તપાસતાં અજાણ્યા શખસે ક્રેડિટ કાર્ડમાંથી ઉપાડેલી રકમથી Gold Coinના ચાર ગિફ્ટ કાર્ડ ખરીદ્યા હોવાનું સામે આવ્યું હતું.

# નિઝામપુરામાં ૯ વર્ષની બાળકી સાથે અશ્લીલ કૃત્ય કરનારને ૨૦ વર્ષની કેદ

**આરોપીને** રૂ.50 હજારનો દંડ, પીડિતાને રૂ.45 હજાર અને રૂ.1 લાખ વળતર ચૂકવવાનો હુકમ

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં નવ વર્ષની બાળકી સાથે અશ્લીલ કૃત્ય કરવાના ગંભીર પોક્સો કેસમાં અદાલતે આરોપી વિલાસ ઉર્ફે જીંકુ નગીન મકવાણાને દોષિત ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. અદાલતે આરોપીને રૂ.50 હજારનો દંડ કર્યો છે. જેમાંથી રૂ.45 હજાર પીડિતાને ચૂકવવા તેમજ રૂ.1 લાખ વળતર ડીએલએસએ મારફતે ચૂકવવાનો હુકમ કર્યો છે.

નિઝામપુરા વિસ્તારમાં રહેતી નવ વર્ષની બાળકી તા.29 ડિસેમ્બર 2024ના રોજ શેરીમાં અન્ય બાળકો સાથે રમી રહી હતી. દરમિયાન પાડોશમાં રહેતા વિલાસ ઉર્ફે જીંકુ નગીનભાઈ મકવાણાએ બાળકોને પોતાના ઘરે રમવા માટે બોલાવ્યા હતા. અન્ય બાળકો ત્યાંથી ચાલ્યા ગયા બાદ આરોપીએ બાળકીને અંદરના રૂમમાં લઈ જઈ તેની સાથે અશ્લીલ કૃત્ય કર્યું હોવાનો આક્ષેપ હતો. ઘટનાથી ડરી ગયેલી બાળકી ત્યાંથી બહાર નીકળી ગઈ હતી.

તા.31 ડિસેમ્બરના રોજ પાડોશમાં રહેતી બાળકી પાસેથી માતાને ઘટનાની જાણ થઈ હતી. માતાએ પુત્રીને પૂછપરછ કરતાં સમગ્ર હકીકત બહાર આવી હતી. ત્યારબાદ માતા-પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ મામલે વડોદરા શહેરના ફતેગંજ પોલીસ સ્ટેશનમાં આરોપી વિલાસ ઉર્ફે જીંકુ નગીન મકવાણા વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ પૂર્ણ થયા બાદ કેસ વડોદરાની એડિશનલ જિલ્લા અને સેશન્સ અદાલત સમક્ષ ચાલ્યો હતો. કેસની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર એડવોકેટ પ્રકાશ ઠક્કરે આરોપી વિરુદ્ધના પુરાવા અને સાક્ષીઓ રજૂ કરી અસરકારક રજૂઆતો કરી હતી.

### રૂ.3.30 લાખમાં કરાર બાદ ખરીદદારે ૪૪ હપ્તા નહીં ભરતાં રૂ.૧૩.૧૬ લાખની બાકી

# દુબઈ ગયેલા તાંદલજાના યુવકની લોનવાળી થાર મિત્ર મારફતે વેચાવી, રૂ.૧૩.૨૬ લાખની છેતરપિંડી

**ગાડી** ગુજરાત બહાર મોકલી, પરત લાવવાના ખર્ચના નામે રૂ.10 હજાર લીધા બાદ પણ વાહન પરત ન આપ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.30

દુબઈ નોકરી માટે ગયેલા તાંદલજાના યુવકની લોન પર ચાલતી થાર મિત્ર મારફતે વેચાણ કરાવવાનું ભારે પડ્યું હોવાનો કિસ્સો સામે આવ્યો છે. રૂ.3.30 લાખમાં ગાડીનો કરાર કર્યા બાદ ખરીદદાર દ્વારા 44 હપ્તા નહીં ભરાતા રૂ.13.16 લાખની લોન બાકી રહી હતી. એટલું જ નહીં ગાડી ગુજરાત બહાર મોકલી દેવાઈ હોવાનો અને પરત લાવવાના ખર્ચના નામે રૂ.10 હજાર લીધા હતા પણ ગાડી પરત આપી ન હતી. જેથી જે પી રોડ પોલીસે ઠગ સામે કાર્યવાહી હાથ ધરી છે.

તાંદલજા વિસ્તારમાં રહેતા અને દુબઈમાં નોકરી કરતા સમીર સલીમ મુનીએ પોતાની લોન પર ચાલતી મહિન્દ્રા થાર અંગે નોંધાવેલી ફરિયાદ મુજબ સમીરના નામે થાર હતી અને તેના પર ICICI બેંકની લોન ચાલુ હતી. દુબઈ જવાનું હોવાથી ગાડી વેચવા માટે તેમણે મિત્ર અમજદ ગુલામ શેખને ગાડી આપી હતી.

અમજદ મારફતે તોફીક સાથે વાતચીત થયા બાદ થારનો રૂ.3.30 લાખમાં વેચાણ કરાર કરવામાં આવ્યો હતો. ગાડી પર લોનના 44 હપ્તા બાકી હતા અને દર મહિને રૂ.29,930નો હપ્તો તોફીક ભરશે તેવી જવાબદારી નક્કી કરવામાં આવી હતી.

પરંતુ સમય જતાં લોનના હપ્તા ભરવામાં ન આવતા હપ્તા બાઉન્સ થવા લાગ્યા હતા. દરમિયાન સમીર ભારત પરત આવ્યા બાદ ગાડી પરત આપવા અથવા લોનના હપ્તા ભરવા તોફીકને જણાવાયું હતું. ત્યારે ગાડી ગુજરાત બહાર આપી દીધી હોવાનું જાણવા મળ્યુ હતુ. ગાડી પરત લાવવાના ડીઝલ અને ટોલના ખર્ચના બહાને તોફીકે તેમની પાસેથી ફોન-પે મારફતે રૂ.10 હજાર લીધા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. જોકે, ત્યારબાદ પણ ગાડી પરત ન મળતાં અને લોનના હપ્તા ભરવામાં ન આવતા સમીરે સમગ્ર મામલે પોલીસનો સંપર્ક કર્યો હતો. 44 બાકી હપ્તાની રકમ રૂ.13.16 લાખ થાય છે. ઉપરાંત ગાડી પરત લાવવાના નામે લીધેલા રૂ.10 હજાર મળી રૂ.13.26 લાખ છેતરપિંડી કરવામા આવી હતી. બનાવ અંગે જે પી રોડ પોલીસે તપાસ હાથ ધરી છે.

# તાંદલજા કિસ્મત ચોકડી પાસે ઝૂંપડપટ્ટીમાં ભીષણ આગ, ૧૦ થી ૧૫ ઝૂંપડા બળીને ખાખ

**મજૂર** પરિવારોનો સામાન રાખ થયો, સદનસીબે કોઈ જાનહાનિ નહીં

**ફાયર** વિભાગે આગ પર કાબૂ મેળવ્યો,આગનું કારણ અકબંધ



(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં આવેલી કિસ્મત ચોકડી પાસે આવેલી ઝૂંપડપટ્ટીમાં મોડી રાત્રે અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતા 8 થી 10 ઝૂંપડા તેની ઝપેટમાં આવી ગયા હતા અને ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી.

આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. ઝૂંપડામાં રહેલી ઘરવખરી, કપડાં, અનાજ અને ઘરનો તમામ સામાન સંપૂર્ણપણે બળી ગયો છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. વિસ્તારના સ્થાનિક આગેવાન ઉસ્માનભાઈએ જણાવ્યું હતું કે, ધન ટેકરીના પાછળના ભાગે કલ્પેશભાઈ મહારાજની જગ્યામાં આ ઝૂંપડા આવેલા છે. અહીં 10 થી 15 ઝૂંપડામાં મજૂર પરિવારો રહે છે. મજૂરો આખો દિવસ કામ કરી થાકી ગયા હોવાથી ઝૂંપડાની બહાર સૂઈ રહ્યા હતા, ત્યારે અચાનક રાત્રે આગ ભભૂકી ઉઠી હતી. તરત જ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. સદનસીબે મજૂરો અને તેમના બાળકોનો આબાદ બચાવ થયો છે, માત્ર સામાન બળી ગયો છે. વાસણા ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર નંદકિશોર સોલંકીએ જણાવ્યું હતું કે, રાત્રે કોલ મળતા જ અમે તાત્કાલિક કિસ્મત ચોકડી ઝૂંપડપટ્ટી ખાતે પહોંચી ગયા હતા. દૂરથી જ આગ વિકરાળ સ્વરૂપમાં દેખાતી હતી. અમે તરત જ પાણીનો મારો ચલાવી આગને કંટ્રોલમાં લીધી હતી. 8 થી 10 ઝૂંપડાઓમાં આગ લાગી હતી. છાપરા નીચે શું નુકસાન થયું છે તે તપાસ બાદ જાણવા મળશે. પોલીસ દ્વારા આગ લાગવાના કારણ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગોરવા શાક માર્કેટમાં જાહેરમાં મારામારી પથારાવાળા પર ટોળાનો હિંસક હુમલો

**વજન** બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ લીધું, શાકભાજી ફેંકી દઈ બે વેપારીઓને માર માર્યો



(પ્રતિનિધિ) વડોદરા,તા.30

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા શાક માર્કેટમાં જાહેરમાં મારામારીની ઘટનાએ ચકચાર મચાવી દીધી હતી. શાકભાજીના વજનને લઈને થયેલી સામાન્ય બોલાચાલીએ જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને મારામારીના દ્રશ્યો સર્જાયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગ્રાહકે પથારાવાળા પાસેથી શાકભાજીનું વજન વધારે આપવા મુદ્દે તકરાર શરૂ કરી હતી. આ તકરાર બાદ થોડી જ વારમાં 15 થી 20 લોકોનું ટોળું ધસી આવ્યું હતું અને સીધો જ પથારાવાળા પર હુમલો કરી દીધો હતો. ટોળાએ પથારા પર પડેલું તમામ શાકભાજી રસ્તા પર ફેંકી દીધું હતું અને બે પથારાવાળા વેપારીઓને ઢોર માર માર્યો હોવાનું જાણવા મળ્યું છે. જાહેરમાં થયેલા આ હુમલાને કારણે માર્કેટમાં થોડી વાર માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. દિવસે દિવસે શહેરમાં અસામાજિક તત્વોનો આતંક વધી રહ્યો છે. ભરબજારમાં આ રીતે ટોળા દ્વારા હુમલો કરવાની હિંમત આવી ક્યાંથી તે મોટો સવાલ છે.

### વિદ્યાર્થીઓને સ્વચ્છ શૌચાલય ન મળતાં બહાર જવાની ફરજ પડતી હોવાનો આક્ષેપ

# ગોરવા આઈટીઆઈમાં શૌચાલયની દુર્દશા મુદ્દે ABVPનો હલ્લાબોલ

**પ્રિન્સિપાલને** રજૂઆત કરી સાંજે 5 વાગ્યા સુધીમાં વ્યવસ્થા સુધારવા અલ્ટિમેટમ



(પ્રતિનિધિ) વડોદરા,તા.30

વડોદરાના ગોરવા સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે શૌચાલયની અસ્વચ્છતા અને પીવાના પાણીની જગ્યા પર ગંદકીના સામ્રાજ્યને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વડોદરા મહાનગર દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના વડોદરા મહાનગર મંત્રી ઋષિભાઈ બ્રહ્મભટ્ટની આગેવાનીમાં કાર્યકરોએ આઈટીઆઈ ગોરવાના આચાર્યને આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનમાં જણાવ્યા મુજબ, વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શૌચાલય યોગ્ય રીતે સ્વચ્છ રાખવામાં આવતું ન હોવાથી વિદ્યાર્થીઓને ભારે અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે. વળી, વિદ્યાર્થીઓને શિક્ષકો માટેના શૌચાલયનો ઉપયોગ કરવાની મંજૂરી નથી, પરિણામે તેઓને સંસ્થાની બહાર જવાની ફરજ પડે છે. પરિસરમાં પીવાના પાણીની જગ્યા પર પણ ગંદકી જોવા મળી રહી છે, જ્યારે સ્ટાફના શૌચાલયને તાળા મારેલા હોવાનો પણ આક્ષેપ કરાયો છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે એ ચીમકી ઉચ્ચારી છે કે વિદ્યાર્થીઓ માટેના શૌચાલયની નિયમિત સફાઈ કરી પૂરતી અને સ્વચ્છ વ્યવસ્થા ત્વરિત કરવામાં આવે, અન્યથા વિદ્યાર્થી પરિષદ ઉગ્રમાં ઉગ્ર આંદોલન કરશે અને તેની સંપૂર્ણ જવાબદારી કોલેજ તંત્રની રહેશે. રજૂઆતને પગલે પ્રિન્સિપાલે આજે સાંજે 5:00 વાગ્યા સુધીમાં તમામ વ્યવસ્થાઓ સુધારવાની ખાતરી આપી હોવાનું એબીવીપી દ્વારા જણાવવામાં આવ્યું છે.